# નેપાળ ભૂંકપમાં મૃત્યાંક ૧૦,૦૦૦ થઈ શકે : કોઈરાલા

કાઠમાડુ,તા. ૨૮

સમગ્ર નેપાળને હચમચાવી મુકનાર ૭.૮ની તીવ્રતા સાથેના શનિવારના ભૂંકપમાં મોતનો આંકડા હજુ વધી રહ્યો છે. શનિવારના ધરતીકંપમાં હવે મોતનો આંકડો ૪૩૦૦ સુધી પહોંચી ગયો છે. હજુ પણ કાટમાળ હેઠળથી મોટી સંખ્યામાં મૃતદેહો મળી રહ્યા છે. નેપાળના વડાપ્રધાન સુશીલ કોઈરાલાએ પણ આજે કબૂલાત કરી હતી કે, આ વિનાશકારી ભૂકંપમાં મોતનો આંકડો અંતે ૧૦૦૦૦થી પણ ઉપર પહોંચી શકે છે. દેશ માટે આ ખુબ પડકારરુપ સમય છે. બચાવ અને રાહત કામગીરી ખુબ ઝડપથી ચાલી રહી છે. નેપાળ માટે ખુબ મુશ્કેલીનો સમય છે. બચાવ અને રાહત કામગારીમાં લાગેલા લોકોનુ કહેવુ છે કે હવે કાટમાળ હેઠળથી લોકો જીવિંત નિકળે તેવી શક્યતા ઓછી છે. જેથી મોતનો આંકડો ખુબ વધરે થઈ શકે છે. ૧૦૦૦૦ સુધી મોતનો આંકડો પહોંચવાની દહેશત પણ કેટલાક લોકો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ખરાબ હવામાનના કારણે કેટલીક તકલીફો હજુ પણ આવી રહી છે. બચાવ અને રાહત કામગીરીને ઝડપી કરી દેવામાં આવી છે. દરમિયાન આંચકાનો દોર જારી રહ્યો છે. જેથી લોકોને રાહત મળી રહી નથી. તેમની દહેશત પણ યથાવત રહી છે. આંચકાઓના દોર વચ્ચે મોતનો આંકડો વધીને ૪૩૦૦થી ઉપર પહોંચી ગયો હતો. હજુ મોતનો આંકડો વધે તેવી શક્યતા છે. કારણ કે અનેક કાટમાળમાં ફેરવાઈ ગયેલી ઈમારતો સુધી બચાવ અને રાહત ટુકડી પહોંચી શકી નથી. કાટમાળ હેટળ મોટી સંખ્યામાં લોકો હોઈ શકે છે. પાટનગર કાઠમાડુ સહિત તમામ ભૂંકપગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી છે. છેલ્લા ૮૦ વર્ષના સૌથી વિનાશકારી ભૂંકપ બાદ લોકોમાં વ્યાપક ફફડાટ ફેલાયેલો છે. હજુ લોકો સમગ્ર રાત્રી જાગીને ગાળી રહ્યા છે. શનિવારે આવેલા



**કાટમાળ હેઠળથી લોકો હવે જીવિત નિકળે તેવી શક્યતા ઓછી : તંત્રની સામે હજુ શ્રેણીબદ્ધ પડકારો**

ભૂંકપનુ કેન્દ્ર કાઠમાન્ડુથી ઉત્તરપશ્ચિમમાં આશરે ૮૦ કિલોમીટરના અંતરે સ્થિત લામજુગમાં હતુ. નેપાળમાં ૭.૮ની તીવ્રતાના ભૂંકપ બાદ હજુ સુધી૪.૫થી વધુ તીવ્રતા સાથેના ઓછામાં ઓછા ૬૦ આંચકા આવી ચુક્યા છે. આંચકાઓ સતત જારી રહેતા લોકોની હાલત કફોડી બનેલી છે. નેપાળમાં ગઈકાલે વિનાશકારી ભૂંકપ બાદ કલાકોના ગાળામાં જ નેપાળના મોટા ભાગના ઐતિહાસિક સ્થળો કાટમાળમાં ફેરવાઈ ગયા હતા.જેમાં પાટનગર કાઠમાન્ડુમાં સ્તિત ધરહરા મીનાર અને લોકપ્રિય દરબાર સ્કેવેયર સહિતના સ્થળનો સમાવેશ થાય છે. નેપાળમાં બારપક લારપક વિસ્તારમાં આશરે એક હજાર મકાનમાંથી ૯૦ ટકા મકાન કાટમાળમાં ફેરવાઈ ગયા છે. ભક્તપુર, લલિતપુર, ધદિંગેમાં સૌથી વધારે લોકોના મોત થયા છે. પાટનગર કાઠમાન્ડુ પણ કાટમાળમાં ફેરવાઈ ગયુ છે. કાઠમાન્ડુ ખીણની મોટા બાગની ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ચુકી છે.જેમાં સેંકડો લોકોના મોત થાય છે. સેના, પોલીસ અને ઈમરજન્સી સેવાના કર્મચારીઓ કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા અને તેમને હોસ્પિટલમાં પહોંચાડી દેવામાં લાગેલા છે. શનિવારે પ્રથમ આંચકો પ્રથમ ૭.૮ની તીવ્રતાનો અનુભવયા બાદ પણ એક પછી એક ઉંચી તીવ્રતાના આફટરશોકસનો દોર જારી રહ્યો હતો જેના પરિણામ સ્વરુપે નેપાળમાં ભારે તબાહી થઈ હતી. સેંકડો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવ્યા બાદ ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં ખસેડવમાં આવ્યા હતા. નેપાળના ઈતિહાસમાં આ ભૂકંપને સૌથી વિનાશકારી ભૂકંપ તરીકે ગણવામાં આવે છે. નેપાળમાં દૂરસંચાર અને વિજળી સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી.જેને હવે સામાન્ય બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. જો કે હજુ સમય લાગી શકે છે. ભૂંકપના કારણે મોટી ઈમારતો અને ધાર્મિક સ્થળો ધરાશાયી થઈ ગયા હતા. સાથે માર્ગોમાં પણ મોટી તિરાડો પડી ગઈ હતી . નેપાળમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બેથી ત્રણ મિનિટ સુધી પ્રચંડ આંચકો લોકોએ અનુભવ્યો હતો. ભૂકંપના એક પછી એક આંચકાના કારણે લોકો ઘરની બહાર જ રહ્યા હતા. શનિવારે સવારે ૧૧.૪૧ વાગે અને ૧૨-૧૯ વાગે એમ બે વખત આંચકા પ્રચંડ તીવ્રતા સાથે સૌથી પહેલા નોંધાયા હતા. જેના કારણે નેપાળમાં ભારે તબાહી થઈ હતી. મિનિટોના ગાળામાં જ હજારો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી.ઘાયલ થયેલા લોકો અને ઘરવગરના થયેલા લોકોને પુરતી મદદ કરવામાં આવી રહી છે. ભારતે ઓપરેશન મૈત્રી નામથી મોટા પાયે બચાવ અને રાહત ઓપરેશન હાથ ધર્યુંછે. આ ઓપરેશન હજુ વધારે તીવ્ર બનાવવામાં આવે તેવી શક્યતા છે. નેપાળમાં આફટરશોક્સના દોર જારી રહ્યા છે. જેથી બચાવ અને રાહત કામગીરીમાં સામેલ લોકોને તકલીફ થઈ છે. બીજી બાજુ તમામ પ્રકારની આધુનિક મશીનરીનો ઉપયોગ કાટમાળને ખસેડી લેવા માટે હવે કરવામાં આવી રહ્યો છે. ભારટીમ નિષ્ણાંત ટીમ પણ સામેલ થયેલી છે.

## દિલ્હીમાં રેપ અને છેડતીના બનાવોમાં ૧૦૦ ટકા વધારો

નવી દિલ્હી,તા. ૨૮

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં મહિલાઓની સુરક્ષાને લઈને કોંગ્રેસે હવે નવી કેજરીવાલની સરકાર પર આક્ષેપો કર્યા છે. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો છે કે દિલ્હીમાં રેપ અને છેડછાડની ઘટનામાં કેજરીવાલ સરકાર આવ્યા બાદથી ૧૦૦ ટકાનો વધારો થયો છે. કેજરીવાલે ચૂંટણી દરમિયાન મહિલા સુરક્ષાની વાત કરી હતી. હવે વચન દેખાઈ રહ્યા નથી. કેજરીવાલ મૌન થયેલા છે. કેજરીવાલ હવે દિલ્હી પોલીસની જવાબદારી હોવાની વાત કરીને છટકબારી કરે છે. હવે કોંગ્રેસના નેતાઓની એક ટીમ ટુંક સમયમાં રાજ્યના નાયબ રાજ્યપાલ નજીબ જંગને મળનાર છે. આ સંબંધમાં જંગનો સમય માંગવામાં આવ્યો છે. મહિલાઓની સુરક્ષા હજુ પણ ચિંતા જનક છે. ચૂંટણી પહેલા કેજરીવાલ અને એએપી દ્વારા દાવો કરવામા આવ્યો હતો કે મહિલા



સુરક્ષા માટે સુરક્ષા દળ બનાવવામાં આવનાર છે. ડીટીસી બસમાં માસર્લ તૈનાત કરવામાં આવશે. એએપી દ્વારા કરવામાં આવેલી આ જાહેરાત હાલમા માત્ર કાગળ પર દેખાઈ રહી છે. નાયબ મુખ્યપ્રધાન કહી રહ્યા છે કે કોલોનીમાં ડાર્ક પ્લેસની માહિતી માંગવામાં આવી છે. પોલીસના બદલે આ માહિતી આરડબલ્યુ એ પાસેથી મેળવી શકાઈ હોત. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં દરરોજ પાંચ મહિલાઓ પર રેપ થઈ રહ્યો છે. ૧૦ મહિલાઓ સાથે છેડતી થઈ રહી છે. વર્ષ ૨૦૧૫ના પ્રથમ બે મહિનામાં ૩૦૦ બળાત્કાર અને ૫૦૦ મહિલાઓ સાથે છેડતીના બનાવ બન્યા હતા. કેજરીવાલ સરકારે જાહેરાત કરી હતી કે પાંચ વર્ષમાં દિલ્હીમાં બે લાખ ટોઈલેટ બનાવાશે. જે પૈકી એક લાખ મહિલાઓ માટે રહેશે. કેજરીવાલ સરકાર ભારે ઉદાસીન બનેલી છે. વચનો માત્ર કાગળ પર છે.

### અફઘાન પ્રમુખ સાથે દ્વિપક્ષીય મંત્રણા યોજાઈ

## આતંકવાદ અંગે અફઘાનની પીડાથી ભારત વાકેફ : મોદી

નવી દિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, અફઘાનિસ્તાન સાથે સંબંધોને મજબૂત કરવા માટે ભારત કટિબદ્ધ છે. અફઘાનિસ્તાન સાથેના સંબંધોને વધુ મજબૂત કરવાની દિશામાં સતત પગલા લેવામાં આવી રહ્યા છે. અફઘાનિસ્તાનના પ્રમુખ અશરફ ઘાની સાથે નવી દિલ્હીમાં સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની મિત્રતા બે દેશો અથવા સરકાર વચ્ચેની મિત્રતા નથી. લોકોના મન એક બીજા સાથે જોડાયેલા છે. શાંતિ અને સમૃદ્ધિ ઈચ્છતા અફઘાનિસ્તાનના લોકો ખુબ જ સાહસી છે. તેમના માટે કામ કરવા માટે બંને દેશો મક્કમ છે. ભૌગોલિક અને રાજકીય અડચણો હોવા છતાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મૈત્રી સતત વધી છે. અફઘાનના નેતૃત્વમાં તેની પોતાની પ્રગતિ અને સફળતા માટે ભારત કટિબદ્ધ છે. દ્વિપક્ષીય સંબંધોને મહત્વ અપાઈ રહ્યું છે. અફઘાનિસ્તાનના સુરક્ષા દળોની ક્ષમતા વધારવા માટે ભારત સંપૂર્ણપણે તૈયાર છે. તેને પુરતી મદદ કરવા માટે પણ તૈયાર છે. આતંકવાદને લઈને



અફઘાનિસ્તાનની પીડામાં ભારત તેમની સાથે છે. મોદીએ એમ પણ કહ્યું હતુ કે, અફઘાનિસ્તાન ઝડપથી ભવિષ્ય તરફ આગેકૂચ કરી રહ્યું છે. અફઘાનિસ્તાનના પ્રમુખને મોદીએ ખાતરી આપી હતી કે, ભારત તમામ પ્રકારની મદદ કરશે. વૈશ્વિક મહત્વના મિશનમાં અફઘાન લોકોને ભારત પુરતી મદદ કરશે. અફઘાનિસ્તાનમાં આતંકવાદ અને કટ્ટરપંથીના કારણે શાંતિ અને સમૃદ્ધિને અસર થઈ છે. બીજી બાજુ અફઘાન પ્રમુખ અશરફ ઘાની કહ્યું હતું કે, સારા અને ખરાબના સ્વરુપમાં આતંકવાદની પરિભાષા કરી શકાય નહીં. સહકારના સ્વરુપને બદલવા માટે પણ અમે તૈયાર છે. ત્રણ દિવસની યાત્રાએ ભારત પહોંચેલા અફઘાન પ્રમુખ વિસ્તારપૂર્વક વાત કરી હતી. સંયુક્ત પત્રકાર પરિષદમાં તમામ મહત્વના મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. હૈદરાબાદ હાઉસમાં પ્રતિનિધિ સ્તરની મંત્રણા પણ યોજાઈ હતી.

વડાપ્રધાન મોદી સાથે અશરફ ઘાનીએ મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. ત્યારબાદ પ્રતિનિધિસ્તરની મંત્રણા યોજાઈ હતી. પ્રતિનિધિ સ્તરની મંત્રણા પહેલા અફઘાન પ્રમુખ સાથે સુષ્મા સ્વરાજે વાત કરી હતી. આ વાતચીત રાષ્ટ્રપતિ ભવનના દ્વારકા શુટમાં યોજાઈ હતી. અફઘાન પ્રમુખનું રાષ્ટ્રપતિ ભવન ખાતે પરંપરાગતરીતે સ્વાગત કરાયુંહતું. અફઘાન પ્રમુખ ત્રણ દિવસની યાત્રાએ સોમવારે મોડી રાત્રે પહોંચ્યા હતા. સાત મહિના અગાઉ તેઓ અફઘાન પ્રમુખ બન્યા હતા. તેઓ પ્રથમ વખત ભારત આવ્યા છે. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં સાર્ક બેઠક દરમિયાન તેઓ મોદીને મળ્યા હતા.

## તોઈબા અને જૈશ હુમલા કરવા ડ્રોનનો ઉપયોગ કરે તેવી દહેશત

નવી દિલ્હી,તા. ૨૮

જાપાનના વડાપ્રધાનની ઓપિસ પર રેડિયોએક્ટીવ ડ્રોને ઉતરાણ કર્યાના દિવસો બાદ ઈન્ટેલિજન્સ એજન્સીએ ચેતવણી આપતા કહ્યું છે કે ભારતીય પાટનગરમાં ત્રાસવાદી સંગઠન પણ આવા જ ડ્રોનનો ઉપયોગ હુમલા કરવા માટે કરી શકે છે. ત્રાસવાદી સંગઠનની હુમલા અંગેની યોજનાથી દિલ્હી પોલીસને એલર્ટ કરવામાં આવી છે. પાટનગરમાં આવા કોઈ પણ પ્રયાસને રોકવા માટે તાત્કાલિક પગલા લેવા માટે પોલીસ વિભાગને સુચના આપવામાં આવી છે. એજન્સીઓને એવી દહેશત છે કે પાકિસ્તાન સ્થિત ખતરનાક ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબા અને જેશે મોહમ્મદ પણ હુમલા કરવા માટે આવા વાહનોનો ઉપયોગ કરી શકે છે.આ પ્રજાસત્તાક દિવસે એજન્સીએ યુએવી અથવા તો પેરાગ્લાઈડર્સ દ્વારા હુમલાની શક્યતા દર્શાવવામાં આવી હતી. જેથી દિલ્હી પોલીસના કમીશનર બીએસ બસ્સીએ આ સબંધમાં પગલા લેવા માટે પોલીસ અધિકારીઓને સુચના આપી હતી. એલર્ટ અંગે પ્રતિક્રિયા કરતા પોલીસ હેડક્વાર્ટસ દ્વારા હવે તમામ જિલ્લા ડીસીપીને લેખિતમાં જાણ કરવામાં આવી છે. ડ્રોન ભાડા પટ્ટેથી લેનાર વ્યક્તિગતો પર નજર રાખવા માટે કહેવામાં આવ્યુ છે. દિલ્હીમાં ભુતકાળમાં પણ ત્રાસવાદી હુમલા થઈ ચુક્યા છે. દિલ્હી હમેંશા ત્રાસવાદીઓના હિટ લિસ્ટમાં રહે છે. સંસદ પર પણ ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવી ચુક્યો છે. જો કે પોલીસ અને સુરક્ષા દળો આ પ્રકારના હુમલાને નિષ્ફળ કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી સ્થિત કંપનીઓ જર્મની, ચીન અને જાપાન જેવા દેશો પાસેથી ડ્રોનની આયાત કરે છે. ચીનમાં બનાવવામાં આવેલા ડ્રોન વિમાન વડાપ્રધાનની ઓફિસમાં મળી આવ્યા હતા. ઓન લાઈન પણ ડ્રોનની ખરીદી થઈ શકે છે. ચાંદની ચોક અને ગફર માર્કેટ જેવા દિલ્હીના વિસ્તારોમાં ડ્રોન વિમાન વેચવામાં આવે છે. મુંબઈ સ્થિતિ જિંદાલ દ્વારા જર્મન કંપની પાસેથી ડ્રોન મેળવવામાં આવ્યા હતા. લવકુશ રામલીલા કમિટિએ ૧૦ ડ્રોન દિવસ માટે ભાડા ઉપર લેવામાં આવ્યા હતા. દરેક ડ્રોન માટે એક દિવસનું ભાડુ ૧૦૦૦૦ રૂપિયા રાખવામાં આવ્યું હતું. વિડિયોગ્રાફી, ફોટોગ્રાફી, ફિલ્મ નિર્માણ કરતી કંપનીઓ અને વ્યક્તિગતો ભાડા પડે ડ્રોન ખરીદતી હોય છે. યુએવી શક્તિશાળી કેમેરા સાથે ફિટ કરવામાં આવે છે. જાસુસી માટે તેનો ઉપયોગ થાય છે.

## રાજસ્થાન રોયલ્સ-બેંગ્લોર વચ્ચે આજે રોચક જંગ થશે

બેંગલોર,તા. ૨૮

બેંગલોરમાં આવતીકાલે ઈન્ડિયન પ્રિમિયર લીગ-૮માં રાજસ્થાન રોયલ્સ અને રોયલ્સ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચે ખરાખરીનો જંગ ખેલાનાર છે. બન્ને ટીમો શાનદાર ફોર્મમાં હોવાથી મેચ રોમાંચક બની શકે છે. જો કે હાલના ફોર્મના જોતા



શેન વોટ્સનના નૃત્વમાં રાજસ્થાનની ટીમ વધારે શક્તિશાળી દેખાઈ રહી છે. જો કે બેંગલોરમાં કેપ્ટન વિરાટ કોહલી ઉપરાંત ડિવિલિયર્સ અને ક્રિસ ગેઈલ જેવા વિશ્વના ધરખમ ખેલાડી રમી રહ્યા છે. તે જોતા મેચ ટક્કરની રહેશે. આ મેચનુ પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી મેક્સ પરથી કરવામાં આવનાર છે. હજુ સુધી રમાયેલી મેચોની વાત કરવામાં આવે તો રાજસ્થાને આઠ મેચો પૈકી પાંચમાં જીત મેળવી છે અને બેમાં તેની હાર થઈ છે. જ્યારે બેંગલોરે છ મેચો રમી છે અને ત્રણમાં જીત અને ત્રણમાં તેની હાર થઈ છે. રહાણે રાજસ્થાન તરફથી આઈપીએલમાં સૌથી વધારે રન કરનાર ખેલાડી તરીકે રહ્યો છે. તે ૩૨૩ રન બનાવી ચુક્યો છે. બન્ને ટીંમો નીચે મુજબ છે.

રાજસ્થાન : બિન્ની, રહાણે, કરુણ નાયર, સંજુ સેમસન, રજત ભાટિયા, ધવન કુલકર્ણી, અભિષેક નાયર, દિપક હુડા, દિશાંત યાજ્ઞિત, વિક્રમજિત મલીક, અંકિત શર્મા, રાહુલ પવેતિયા, પ્રવિણ તાંબે, દિનેશ સાલુન્કે, પ્રદિપ સાહુ, બરિન્દર સરણ, સાગર ત્રિવેદી, વોટસન (સુકાની), જેમ્સ ફોકનર, સ્ટીવ સ્મિથ, ટીમ સાઉથી, રિચર્ડસન, કટિંગ, મોરિસ, જુઆન થેરોન બેંગલોર : કોહલી (સુકાની),દિનેશ ક્રાતિક, બર્દીનાથ, વિજય ઝોલ, માનવિન્દર બિસ્લા, વરુણ આરોન, અશોક ડીંડા, હર્ષલ પટેલ, અબુનેચિવ, સંદીપ વરિયર, યોગેશ તકવાલે, યુજવેન્દર ચહલ, ઈકબાલ અબ્દુલ્લા, મનદિપસિંહ, સરફરાજ ખાન, જલજ સક્સેના, સીસી ભાવને, ડિવિલિયર્સ, ક્રિસ ગેઈલ, સ્ટાર્ક, મેડિસન, રોસવો, સમ્મી, એબોર્ટ, મિલાઈન, વોઈસ

### સૂચનને લઇ રાજ્યસભામાં હોબાળો

## મોદીના સ્કેમથી સ્કીલ્ડ ઈન્ડિયા સૂચનનો બચાવ

નવીદિલ્હી,તા. ૨૮

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભારતને સ્કેમ ઈન્ડિયાથી સ્કીલ ઈન્ડિયા બનાવવાના સૂચનનો બચાવ કર્યો હતો. રાજ્યસભામાં આજે ભારે હોબાળો રહ્યો હતો. કોંગ્રેસના નેતા આનંદ શર્માના નેતૃત્વમાં વિપક્ષે વડાપ્રધાનના સૂચન સામે પ્રહારો કર્યા હતા. બીજી બાજુ નાણામંત્રી અરુણ જેટલીએ મોદીનો બચાવ કર્યો હતો. મોદીનો બચાવ કરતા જેટલીએ કહ્યું હતું કે, વડાપ્રધાનની પ્રતિક્રિયા કોઈ વિવાદ કરવા જેવી રહી નથી. ભારે આક્ષેપબાજીના દોર વચ્ચે રાજ્યસભામાં બે વખત કામગીરીને મોકૂફ કરવામાં આવી હતી. મોડેથી પત્રકારો સાથે વાતચીત કરતા અરુણ જેટલીએ કહ્યું હતું કે, સરકાર છેલ્લા ૬૦ વર્ષમાં થયેલા ભ્રષ્ટાચારના મુદ્દા ઉપર ચર્ચા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આનંદ શર્માએ કહ્યુ હતું કે, કેનેડામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉપયોગ કરવામાં આવેલા શબ્દ સ્કેમ ઈન્ડિયા સામે અમને વાંધો છે. ટોરેન્ટોમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે, જીનકો ગંદગી કરની થી ગંદગી કરકે ચલે ગયે હમ સફાઈ કરકે જાયેંગે. મોદીના આ સૂચન સામે અગાઉ પણ કોંગ્રેસે વાંધો ઉઠાવ્યો હતો. મોદીએ એ સંબોધન વેળા કહ્યું હતુ કે, ભારત વૈશ્વિક સમુદાયના વર્કફોર્સ ઉપલબ્ધ કરાવવા સક્ષમ છે. અમારુ મિશન સ્કેમ ઈન્ડિયા નહીં બલ્કે સ્કીલ ઈન્ડિયાનું છે. મોદીએ કરેલા સૂચનનું જેટલીએ આજે બચાવ કર્યો હતો.

## ઉત્તરપ્રદેશ : પ્રચંડ તોફાન સાથે વરસાદ, નવના મોત

લખનૌ,તા. ૨૮

ઉત્તર પ્રદેશના જુદા જુદા ભાગોમાં તોફાની પવન સાથે ભારે વરસાદ તુટી પડતા નવ લોકોના મોત થયા છે. કેટલાક લોકો ઘાયલ થયા છે. આગરા, લખનૌ, કાનપુર, વારાણસી, ઝાંસી અને અન્ય વિસ્તારમાં તોફાની પવન સાથે વરસાદ તુટી પડ્યો હતો. વિજળી પડતા રાજ્યના પાટનગર લખનૌમાં નથુઆ ખેડા ગામમાં બે લોકોના મોત થયા હતા જ્યારે અન્ય એક વ્યક્તિનું મોત હાપુરમાં છત પડતા થયું હતું. ઈટાહમાં બે વ્યક્તિના મોત થયા છે. મકાનની દિવાલ પડી જતાં આ બે



લોકોના મોત થયા હતા જ્યારે એક યુવાનનું મોત બસ્તીમાં થયું હતું. હાઈટેન્શન વાયર તુટી પડતા તેનું મોત થયું હતું. અમેઠીમાં કરંટ લાગવાથી એક વ્યક્તિનું મોત થયું હતું. પ્રતાપગઢમાં દિવાલ પડતા બેના મોત થયા છે. આ બનાવમાં અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. કમોસમી વરસાદ અને વાવાઝોડાનો દોર હાલમાં જારી રહ્યો છે. નેપાળમાં વિનાશકારી ભૂકંપ બાદ તેની સીધી અસર ભારતના કેટલાક રાજ્યો ઉપર થઈ હતી જેમાં ઉત્તરપ્રદેશનો પણ સમાવેશ થાય છે. ભૂકંપથી ઉત્તરપ્રદેશમાં પણ ખુવારી થઈ હતી. ઘણા લોકો ઘાયલ પણ થયા હતા. ભૂકંપ બાદ હવે પ્રચંડ વાવાઝોડા સાથે વરસાદથી પણ નુકસાન થયું છે. મુખ્યમંત્રી અખિલેશ યાદવે માર્યા ગયેલા વ્યક્તિના પરિવારના સભ્યોને સાત-સાત લાખ રૂપિયાની મદદની જાહેરાત કરી છે. આ ઉપરાંત ખરાબ હવામાનના કારણે નુકસાનની સમીક્ષા કરવા માટે જુદી જુદી ટીમો પણ બનાવવામાં આવી છે.

સરકારી પ્રવક્તાએ આજે આ મુજબની માહિતી આપતા કહ્યું હતું કે, પરિસ્થિતિ ઉપર નજર રખાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના ઘણા ભાગોમાં હાલમાં જ કમોસમી વરસાદથી ભારે નુકસાન પાકને થઈ ચુક્યું છે. આવી સ્થિતિમાં વારંવાર વરસાદથી વધુ નુકસાનનો ખતરો વધી ગયો છે. ઉત્તરપ્રદેશમાં નવ લોકોના મોત નવેસરથી વરસાદ અને વાવાઝોડામાં થતાં તંત્ર ચિંતાતુર છે.

## નેપાળ બાદ પાકિસ્તાન પણ ભૂકંપથી હચમચ્યું


ઈસ્લામાબાદ, તા. ૨૮

પાકિસ્તાનના જુદા જુદા ભાગોમાં આજે ૫.૫ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપથી હચમચી ઉઠ્યા હતા. ભૂકંપનું કેન્દ્ર ખેબર પખતુનખાવા હોવાનું જાણવા મળ્યું છે. તઝાકિસ્તાન-પાકિસ્તાન સરહદના વિસ્તારો ઉપર મુખ્ય કેન્દ્ર હતું. આંચકાઓ શ્વાત, ઉપેર, લોવરદીર વિસ્તારમાં પણ અનુભવાયા હતા જેથી લોકોમાં નેપાળના વિનાશકારી ભૂકંપની યાદ તાજી થઈ ગઈ હતી. લોકો ઘરની બહાર દોડી ગયા હતા. પાકિસ્તાન પણ વારંવાર ભૂકંપથી પ્રભાવિત થાય છે. સપ્ટેમ્બર ૨૦૧૩ના પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં ૭.૭ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો જેમાં ૩૭૬ લોકોના મોત થયા હતા. આવી જ રીતે ૨૦૦૫ના ૭.૬ની તીવ્રતાનો પણ પ્રચંડ આંચકો આવ્યો હતો જેમાં ૭૩૦૦૦ લોકોના મોત થયા હતા. આશરે ૩.૫ મિલિયન લોકો ઘરવગરના થયા હતા. નેપાળમાં ફરી એકવાર આંચકો આજે નોંધાયો હતો.

## બ્રેઈનમાં લોહીના પ્રવાહમાં અડચણ ઉભી થવાથી સ્ટ્રોક

વોશિંગ્ટન, તા. ૨૮

અમેરિકામાં હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે બ્રેઈનમાં લોહીના પ્રવાહમાં અટચણ ઉભી થતા જીવલેણ સ્ટ્રોકના હુમલા થાય છે. તાજેતરના સમયમાં સ્ટ્રોકના કેસમાં વધારો થયો છે. અમેરિકા સહિતના દેશોમાં આ રોગના કેસો હાલમાં વધી ગયા બાદ તેને લઈને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૧૮ વર્ષની વયમાં અને તેનાથી મોટી વયના લોકોમાં સ્ટ્રોકના તમામ કેસોમાં અભ્યાસ કર્યા બાદ સંશોધકોએ કહ્યું છે કે, હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં આ કેસ પર નજર રાખવામાં આવી હતી. મોટા ભાગના સ્ટ્રોકના હુમલાઓ બ્રેઈનમાં લોહીના પ્રવાહ ઉપર બ્રેક આવવાના કારણે



થાય છે. અભ્સાયમાં ૧૮૫૪ સ્ટ્રોક પૈકીના ૨૭૩ સ્ટ્રોકના હુમલાઓ અથવા તો ૧૪ ટકા સ્ટ્રકો વોકઅપ સ્ટ્રોક તરીકે હોય છે. વોક અપ સ્ટ્રોકમાં વ્યક્તિ મજબુત લક્ષણોના કારણે જાગી જાય છે. અભ્યાસના પરિણામો ખુબ જ મહત્વપૂર્ણ છે. અભ્સાયના પરિણામ પ્રિન્ટ ઈસ્યુ ઓફ ન્યુરોલોજીમાં પ્રકાશિત કરવામાં આવી ચુકયા છે. સ્ટ્રોકના હુમલાઓની ફરિયાદ આધુનિક સમયમાં લોકોમાં વધી ગઈ છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, સાત સ્ટ્રોક પૈકીના એક સ્ટ્રોકનો હુમલો ઉંઘમાં થઈ જાય છે. આ નવા અભ્યાસના તારણો ખુબ જ ચોકાવનારા છે. સ્ટ્રોકના પ્રાથમિક લક્ષણો જાણવામાં ખુબ જ મુશ્કેલી પડે છે.

અમેરિકન એકેડમી ઓફ ન્યુરોલોજીના એક સભ્ય અને યુનિવર્સિટી ઓફ સિનસિનાટીના અભ્યાસના પ્રોફેસર જેસન મેકેએ કહ્યું છે કે, આ પ્રકારના સ્ટ્રોક માટેની એક પ્રકાર સારવાર પ્રથમ લક્ષણો દેખાયાના કલાકો બાદ જ આપવામાં આવે તે જરૂરી છે લક્ષણો જાણી શકાતા નથી. જેથી સારવાર લેવાની બાબત પણ મોડાથી શરૂ થાય છે. જેથી સ્ટ્રોકના હુમલાઓના લક્ષણો વધી જાય છે. સાથે સાથે આ બીમારી મજબુત રીતે વ્યક્તિને ઘેરી લે છે. જો કે વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે આ અભ્યાસમાં વધારે નક્કર તારણો પર પહોંચવાની જરૂર છે.

## રાજસ્થાનમાં બે માર્ગ અકસ્માત : ૭ના મોત

જેસલમેર,તા. ૨૮

રાજસ્થાનમાં બે જુદી જુદી જગ્યાઓએ થયેલા માર્ગ અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે અને અન્ય ૧૮ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, રાજસ્થાનના ચુરુ અને જેસલમેર જિલ્લામાં બે જુદા જુદા માર્ગ અકસ્માતો થયા છે. ચુરુમાં ઘાનટેલ ગામમાં એસયુવી સાથે એક કાર ટકરાઈ જતાં ત્રણ લોકોના મોત થયા છે અને છ લોકો ઘાયલ થયા છે. કારમાં માર્યા ગયેલાઓની ઓળખ કરી લેવામાં આવી છે. અકસ્માતમાં ઘટનાસ્થળે બે લોકોના મોત થઈ ગયા હતા. જ્યારે જેસલમેરમાં એક મહિલા સહિત ચાર લોકોના મોત થયા હતા. અન્ય ૧૨ લોકો ઘાયલ થયા હતા. પ્રાપ્ત અહેવાલ મુજબ આ ગમખ્વાર અકસ્માતોમાં ઘાયલ થયેલા તમામ લોકોને જુદી જુદી હોસ્પિટલોમાં દાખલ કરાયા હતા. સ્થાનિક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. બીજા અકસ્માતમાં જેસલમેરમાં એસયુવી ટ્રક સાથે ટકરાતાં ચારના મોત થઈ ગયા હતા.